# સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)
બ્લોક નં.૧૨, નવા સચિવાલય, ગાંધીનગર–૩૮૨૦૧૦
website :www.sardarsarovardam.org

## ઈજનેરી સહાયક (સીવીલ) અને અધિક ઈજનેરી સહાયક(સીવીલ) માટેની જાહેરાત

સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ, ગાંધીનગર હેઠળ **(૧) કચ્છ (૨) પાટણ (૩) બનાસકાંઠા (૪) સુરેન્દ્રનગર (૫) બોટાદ (૬) મોરબી** જિલ્લા માટે ઈજનેરી સહાયક(સીવીલ)ની કુલ–૧૧૫ જગ્યાઓ (તબકકાવાર ખાલી પડે તે મુજબ) તથા અધિક ઈજનેરી સહાયક(સીવીલ)ની કુલ–૨૨૦ જગ્યાઓ ઉપર ઉમેદવાર પસંદ કરવા માટે ફકત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે**http://ojas.gujarat.gov.in** વેબસાઈટ ઉપર તા.૨૭–૫–૨૦૧૬ (બપોરના ૧૩.૦૦ કલાકથી) થી તા.૧૫–૬–૨૦૧૬ (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધીમાં) દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી પત્રક, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદામાં છુટછાટ, કેટેગરીવાઈઝ જગ્યાઓની સંખ્યા ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ વગેરે અંગેની સુચનાઓ **http://ojas.gujarat.gov.in** અથવા **www.sardarsarovardam.org** વેબસાઈટ ઉપરથી ઉપલબ્ધ થઈ શકશે.

(૧) શૈક્ષણિક લાયકાત :

**(a) ઈજનેરી સહાયક (સીવીલ)** : ગુજરાત સરકાર દવારા માન્ય યુનિર્વસિટીમાંથી સિવીલ ઈજનેરની સ્નાતકની પદવી અથવા ગુજરાત સરકાર દવારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ લાયકાત

**(b) અધિક ઈજનેરી સહાયક(સીવીલ)** : ગુજરાત સરકાર દવારા માન્યતા પ્રાપ્ત કરેલ યુનિર્વસિટી/ ટેકનિકલ શિક્ષણબોર્ડ/ઈન્સ્ટીટયુટની સિવીલ એન્જિનીયરીંગમાં ડિપ્લોમાની પદવી અથવા ગુજરાત સરકાર દવારા માન્યતા પ્રાપ્ત તેને સમકક્ષ લાયકાત

(૨) **વયમર્યાદા** : (અ) **ઈજનેરી સહાયક (સીવીલ)** ઉમેદવારની વય ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ નહી તેટલી હોવી જોઈએ. વય મર્યાદા અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ હોય તે મુજબ ગણવામાં આવશે.

(બ) **અધિક ઈજનેરી સહાયક(સીવીલ)** ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ નહી તેટલી હોવી જોઈએ. વય મર્યાદા અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ હોય તે મુજબ ગણવામાં આવશે.

(૩) જાહેરાતની વિગતવાર વિગતો website :www.sardarsarovardam.org ઉપર જોવા મળશે પરંતુ ઓનલાઈન અરજી માત્ર **http://ojas.gujarat.gov.in** ઉપર જ કરી શકાશે. કોઈપણ સંજોગોમાં ટપાલથી કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી તેની ઉમેદવારોએ નોંધ લેવી.

(૪) ઓનલાઈન અરજી કરતી વખતે અરજીમાં દર્શાવેલ વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો જોડવાના નથી પરંતુ ઉમેદવાર પાસે ઉપલબ્ધ શૈક્ષણિક લાયકાત, વય, કેટેગરી (એસ.સી./એસ.ટી./એસ.ઈ.બી.સી., બિનઅનામત આર્થિક રીતે નબળા વર્ગ) શારીરિક ખોડખાંપણ વગેરે અંગેના અસલ પ્રમાણપત્રોના આધારે ઓનલાઈન અરજીની વિગતો ભરવાની રહેશે. જેથી ઓનલાઈન અરજીમાંની વિગતો પસંદગી સમિતિ ચકાસે ત્યારે જરૂરી પ્રમાણપત્રોના અભાવે ઉમેદવારી ગેરલાયક ઠરવાનો કે અન્ય પ્રશ્નો નડે નહી.ઉમેદવારોએ ઓન લાઈન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જયારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

(૫) ઉમેદવારની પસંદગી મેરીટના આધારે કરવામાં આવશે.

તારીખ : ૨૬–૫–૨૦૧૬
સ્થળ : ગાંધીનગર.

આસી.જનરલ મેનેજર(પર્સોનેલ)
સરદાર સરોવર નર્મદા નિગમ લિ,
ગાંધીનગર.

## : પ રિ શિ ષ્ટ – ૧ :

### ૧૧ માસના સમય માટે કરારના ધોરણે અપાતી નિમણુંકો અંગેની બોલીઓ અને શરતો

(૧) શ્રી ................... ને તેઓની કરાર આધારીતની નિમણુંકની મુદત ૧૧ માસ માટેની રહેશે અને નિમણુંકની મુદત પૂરી થયે તેઓ આપોઆપ છુટા થયેલ ગણાશે.

(૨) શ્રી............... ને કરારના સમયગાળા દરમ્યાન ઈજનેરી સહાયક તરીકે રુા.૨૦,૦૦૦/– નું માસિક નિયત મહેનતાણું મળશે. જયારે અધિક ઈજનેરી સહાયકને કરારના સમયગાળા દરમ્યાન રુા.૧૬,૦૦૦/–નું માસિક નિયત મહેનતાણું મળશે.

(૩) ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની નિયત મહેનતાણાની રકમ નોટીસ પગાર તરીકે આપીને કરારનો અંત લાવી શકશે.

(૪) નિયત મહેનતાણા ઉપર કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

(૫) કરારના સમયગાળા દરમ્યાન શ્રી..................... ને નિયત મહેનતાણામાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહી.

(૬) કરારના સમયગાળા દરમ્યાન શ્રી................... ને કોઈપણ પ્રકારના અન્ય ભથ્થા મળવાપાત્ર થશે નહિ.

(૭) કરારના સમયગાળા દરમ્યાન શ્રી................. નું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની નિયત મહેનતાણાની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે, પરંતુ બીજા લાભ એકસ–ગ્રેશીયા લાભ કે રહેમરાહે નિમણુંક જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહિ.

(૮) શ્રી ................. એ સક્ષમ સત્તાધિકારી ઘ્વારા જે ફરજો બજાવવા નિમણુંક કરી હોય તે ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. જાહેર રજાના દિવસોએ પણ કામગીરીની જરુરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૯) શ્રી.................... પ્રાઈવેટ પ્રેકટિસ કે અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકશે નહી કે રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકશે નહી.

(૧૦) શ્રી.................... ને કરારના સમય દરમ્યાન જાહેર રજાઓ સિવાય ૧૧ પ્રાસગિક રજાઓ મળવાપાત્ર થશે તે સિવાય અન્ય કોઈપણ પ્રકારની રજા મળવાપાત્ર થશે નંહી આ અગિયાર દિવસની રજા ઉપરાંતની રજા ભોગવવામાં આવશે તો તે રજાના દિવસના મહેનતાણાંની રકમ કપાત કરી લેવામાં આવશે.

(૧૧) કરારથી નિમાનાર વ્યક્તિએ તેમને સોંપવામાં આવેલ કામગીરીના સંદર્ભે મુસાફરી કરવાની થાય ત્યારે તેમને સક્ષમ અધિકારી ધ્વારા નિયત કરાયેલ ટી.એ.ડી.એ.ની રકમ મળવાપાત્ર રહેશે.

(૧૨) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે કરારનો અંત લાવી તેઓને છુટા કરવામાં આવશે.

(૧૩) સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરુરી શરતો નકકી થાય તે પણ તેઓને બંધનકર્તા રહેશે.

(૧૪) વ્યવસાયવેરાની કપાત નિયમાનુસાર મહેનતાણાંમાંથી કરી લેવાની રહેશે.

(૧૫) નિમણુંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ કામગીરી અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૧૬) આ નિમણુંક સંપૂર્ણપણે કરાર આધારીત હોઈ, કરાર આધારીત નિમણુંક પામેલ વ્યકિતને રાજય સરકારના વિભાગ અને તેમના નિયંત્રણ હેઠળની કચેરીઓ તેમજ રાજય સરકારના બોર્ડ/ કોર્પોરેશન/ જાહેર સાહસોમાં નિયમીત મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહી.

(૧૭) સક્ષમ સત્તાધિકારીને યોગ્ય જણાય તે કરારથી જોડાનાર વ્યકિતને કરાર કરવાનું સ્વીકારતાં પહેલાં પર્સનલ એકસીડન્ટ યોજના અંતર્ગત વીમો મેળવી લેવાનો, અદ્યતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજુ  કરવા જણાવી શકશે આ અંગે વીમાના પ્રિમીયમનો ખર્ચ કચેરી ધ્વારા ભોગવવાનો રહેશે નહી.